## પરવટ ગામમાં છાતીના દુખાવાથી કંટાળી યુવતીએ ફાંસો ખાધો

સુરતઃ પરવટ ગામમાં છાતીના દુખાવાથી પીડિત યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પરવટ ગામ એકતાનગરમાં 20 વર્ષીય શીતલ લાલજી રાજપૂત પરિવાર સાથે રહેતી હતી. શીતલની માતા મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. શીતલને ઘણા સમયથી છાતીમાં દુખાવાની બીમારી હતી. આ બીમારીથી કંટાળીને શુક્રવારે બપોરે શીતલે ઘરમાં લોખંડના એન્ગલ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## બરોડા પ્રિસ્ટેજ પાસે ટેમ્પો અડફેટે ઉત્રાણના રત્નકલાકારનું મોત

સુરતઃ મૂળ ભાવનગર પાલીતાણાના વતની હસમુખ છગનભાઈ ધોરી (ઉં.વ.42) હાલ ઉત્રાણ વિસ્તારમાં આવેલા સિલ્વરગ્રીન રેસિડેન્સીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. હસમુખ મિનિબજાર ખાતે હીરાની ઓફિસમાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. શુક્રવારે રાત્રે હસમુખ નોકરી પૂરી કરીને બાઇક પર ઘરે જવા માટે નીકળ્યા હતા. દરમિયાન બરોડા પ્રિસ્ટેજ પાસે ટેમ્પોચાલકે હસમુખની બાઈકને અડફેટે લીધી હતી. સ્મીમેર હોસ્પિટલમાં ટુંકી સારવાર બાદ હસમુખનું મોત નીપજ્યું હતું.

## અડાજણમાં બીમારીથી કંટાળીને યુવકે ફાંસો ખાધો

સુરતઃ અડાજણમાં સ્પાઇનની બીમારીથી કંટાળીને યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની શૈલેષ મગનભાઈ બેડશે (ઉં.વ.41) હાલ અડાજણ આનંદમહલ રોડ શ્રીજી આર્કેડ પાસે આવેલા ખોડિયાર નગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. શૈલેષ સ્થાનિક વિસ્તારમાં ઈંડાની લારી ચલાવતો હતો. તેને છ વર્ષથી સ્પાઈનની બીમારી હતી. જેથી કંટાળીને શુક્રવારે સાંજે શૈલેષે બેડરૂમમાં લોખડના હુક સાથે સાડી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## રામપુરામાં પિતાએ ઠપકો આપતાં બેરોજગાર પુત્રનો આપઘાત

સુરતઃ રામપુરામાં કામ વગર ફરતા પુત્રને પિતાએ ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લગાવીને યુવકે ચોથા માળેથી પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી. રામપુરા રામવાડી પાસે આવેલ હમદપાર્ક બિલ્ડિંગમાં મોહમ્મદ મુનાફ મોતીપાણી બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. મોહમ્મદ મુનાફ હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા છે તેમજ તેનો 23 વર્ષીય પુત્ર દાનિશ હીરાની ઓફિસમાં નોકરી કરતો હતો. દાનિશ કામ વગર આમથી તેમ ફરતો રહેતો હતો. જેથી તેના પિતાએ ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લગાવીને દાનીશે શુક્રવારે રાત્રે ઘરના ચોથા માળેથી પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી.

## એન્ટિક ગાડીઓનો શો રૂમ બન્યું આ જૂનું ઘર, સેલ્ફી લેવા લોકો ઊભા રહી જાય છે



■ ગોપીપુરા કાયસ્થ મોહલ્લામાં એક ગેરેજવાળો જૂની એન્ટિક ગાડીઓ રિપેર કરીને નવી બનાવી વેચે છે, જે કર્ણાટક, કેરેલા તેમજ અન્ય રાજ્યોના લોકો લેવા આવે છે. ગેરેજવાળાએ જૂના સુરતની ઓળખ સમા ઘરને જ આ એન્ટિક ગાડીઓનો શોરૂમ બનાવી દીધો છે. આકર્ષક લાગતી આ જૂની ગાડીઓ સાથે લોકો સેલ્ફી લેવા ઊભા રહી જાય છે. **(તસવીરઃ હેમંત ડેરે)**

# 200 કરોડનું કાંડ, ડિંડોલી PI સામે કડક કાર્યવાહીનો અણસાર

**કૌભાંડીઓ** સાથે ઘરોબો અને મહેફિલના વિડીયો બાદ પો.કમિ. ગેહલોતની લાલ આંખ, ડી-સ્ટાફ વિસર્જનની પણ તૈયારી

સુરતઃ ડિંડોલીમાંથી એસઓજીએ પકડેલા 200 કરોડના હવાલા-ક્રિપ્ટો કાંડમાં હવે માત્ર આરોપીઓ જ નહીં, પરંતુ પોલીસ વિભાગની ભૂમિકા પણ સવાલોના ઘેરામાં આવી ગઈ છે. મુખ્ય આરોપી પ્રદીપ વસાવા સાથે ડિંડોલી પોલીસ સ્ટેશનના કેટલાક કર્મીઓના નજીકના સંબંધો અને શરાબ-કબાબની પાર્ટીના વીડિયો ફૂટેજ સામે આવતા પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. આ ગંભીર પ્રકરણમાં શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે લાલ આંખ કરી ડિંડોલી પીઆઇ રામદેવસિંહ ચુડાસમા સામે આકરી કાર્યવાહી અને સર્વેલન્સ સ્ટાફના વિસર્જનના ચક્રોગતિમાન કર્યા છે.

ચર્ચા મુજબ, મુખ્ય સૂત્રધાર પ્રદીપ વસાવા સાથે ડિંડોલી પોલીસ સ્ટેશનના કેટલાક કર્મીઓના ઘરોબાની પુષ્ટિ કરતા શરાબ અને કબાબની મહેફિલોના વીડિયો ફૂટેજ સામે આવ્યા હોવાની ચર્ચાએ સમગ્ર વિભાગને કટઘરામાં ઊભું કરી દીધું છે. તપાસમાં એવાં સંકેતો પણ મળ્યા છે કે આરોપીઓને કાયદાની કાર્યવાહીથી બચાવવા માટે પોલીસના જ કેટલાક હાથ લાંબા હતા.

"પોલીસ જ આરોપીઓને બચાવી રહી હતી" તેવી ગંભીર ચર્ચા બાદ તપાસ એજન્સીઓ વધુ સાવચેત બની છે. હવાલા-ક્રિપ્ટો કાંડની ઓફિસ સાથે સંકળાયેલા માણસો સાથે પોલીસ સ્ટાફ વોરન્ટની બજવણી કરવા જતો હોવાની વાતે પણ શંકાનો માહોલ ઊભો કર્યો છે. સામાન્ય રીતે વોરન્ટની કાર્યવાહી સંપૂર્ણ ગુપ્ત અને સ્વતંત્ર રીતે થવી જોઈએ, પરંતુ અહીં આરોપીઓના માણસો જ પોલીસ સાથે હાજર રહેતા હોવાની ચર્ચાએ સમગ્ર પ્રક્રિયાની વિશ્વસનીયતા પર ઘેરો ઘા કર્યો છે.

આ ચકચારી ખુલાસાઓ બાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે દોષિતોને કોઈ પણ સંજોગોમાં બચાવાશે નહીં. ડિંડોલી પીઆઇ રામદેવસિંહ ચુડાસમા સામે કડક કાર્યવાહી શરૂ કરવાની સાથે, સમગ્ર સર્વેલન્સ સ્ટાફને વિસર્જિત કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પોલીસ વિભાગની છબી પર પડેલા આ કાળા દાગ બાદ હવે સૌની નજર એ પર છે કે તપાસમાં કેટલા મોટા નામો બહાર આવે છે અને કાયદાના રક્ષકો સામે કાયદો કેટલી કડકાઈથી અમલમાં આવે છે. ડિંડોલી હવાલા-ક્રિપ્ટો કાંડ હવે માત્ર આર્થિક ગુનો નહીં પરંતુ પોલીસ તંત્રની વિશ્વસનીયતાની અગ્નિપરીક્ષા બની ગયો છે.

## વીમા કંપનીએ કેમોથેરાપીને નેચરોપથી ગણાવતા કોર્ટ ખફા

**ક્લેઈમની** રકમ વ્યાજ તથા વળતર સહિત ચૂકવવા ગ્રાહક કમિશને વીમા કંપનીને હુકમ કર્યો

સુરતઃ મહિલા વીમેદારની કેન્સરની ટ્રીટમેન્ટ માટે લીધેલી કેમોથેરાપીની સારવાર તેમજ સર્જરીને નેચરોપથીની સારવાર તેમજ Un-Proven Procedure ગણીને ક્લેઈમ નામંજૂર કરનાર વીમા કંપનીને ગ્રાહક કમિશને લપડાક લગાડી હતી. સેવામાં ગંભીર ક્ષતિ થઈ હોવાનું ઠરાવી મૃત્યુ પામનાર મહિલા વીમેદારના પતિને ક્લેમની રકમ ૯%ના વ્યાજ તથા વળતર સહિત ચૂકવવાનો વીમા કંપનીને ગ્રાહક કમિશન (એડીશનલ)ના ઈન્ચાર્જ પ્રમુખ કે. જે. દશોંદ અને ઈન્ચાર્જ સભ્ય શ્રીમતી પુર્વીબેન જોષીએ હુકમ કર્યો છે.

ફરિયાદી નવીનચંદ્ર ખંભાતીએ એડવોકેટ શ્રેયસ દેસાઈ પ્રાચી અર્પિત દેસાઈ મારફત ધી ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ વિરુદ્ધ ફરિયાદ આપી હતી.

ફરિયાદી તરફે શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ-ઈશાન દેસાઈએ દલીલો કરતા જણાવ્યું હતું કે, નયનાબેને CA Rt Breast થયું હોવાથી સુરત મુકામે ડોકટરની સલાહનુસાર કેમોથેરાપીની સારવાર અલગ અલગ તબકકામાં લીધી હતી. આ ટ્રીટમેન્ટ નેચરોપથી ટ્રીટમેન્ટ હતી નહી, આ ટ્રીટમેન્ટને સામાવાળા નેચરોપથી ટ્રીટમેન્ટ કઈ રીતે ગણે છે તે સમજાતું નથી.

આમ, વીમા કંપનીએ ફરીયાદીનો ક્લેઈમ નહીં ચૂકવી સેવામાં ક્ષતિ અને બેદરકારી દાખવી છે. બં પક્ષની દલીલો બાદ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને ફરિયાદ અંશતઃ મંજૂર કરી ક્લેઈમની રકમ રૂા.૨,૬૧,૪૪૫ વાર્ષિક ૯%ના વ્યાજ સાથે તેમજ વળતર પેટે ૫,૦૦૦ ચૂકવી આપવાનો વીમા કંપનીને હુકમ કર્યો છે.

# સર્ક્યુલર નીટિંગ ઉદ્યોગમાં ગંભીર મંદી

**સર્ક્યુલર** નીટિંગની આઈટમો ડલ લાયકરા ફેબ્રિક, સેમી ઝ્યુરિક, ગેન્સી ડિઝાઇનના ભાવમાં સતત ઘટાડો

**સંકટનું** મોટું કારણ મલેશિયા, ચીનથી આયાત થતું ફેબ્રિક, જે મિનિમમ ઇમ્પોર્ટ પ્રાઇસ અને એન્ટી-ડમ્પિંગ નિયમોને નેવે મૂકીને ઓછા ભાવે સુરતના બજારમાં ઠલવાય છે



સુરતઃ સુરતના ટેક્સટાઈલ સેક્ટરમાં હાલ મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરતનો સર્ક્યુલર નીટિંગ ઉદ્યોગ પણ અત્યારે ભારે સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. બજારમાં નબળી માંગ અને સતત ઉત્પાદનને કારણે નીટેડ ફેબ્રિકના ભાવમાં મોટો ઘટાડો થયો છે, જેની સીધી અસર ઉદ્યોગની નફાકારકતા પર પડી છે.

સર્ક્યુલર નીટિંગની આઈટમોના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ડલ લાયકરા ફેબ્રિક, જે પહેલા અંદાજે 121 પ્રતિ કિલો વેચાતું હતું, તે અત્યારે 112માં પણ વેચવું પડી રહ્યું છે. સેમી ઝ્યુરિકનો ભાવ 112થી ઘટીને 105 થઈ ગયો છે. જ્યારે ગેન્સી ડિઝાઈન આઈટમ જે પહેલાં 150 પ્રતિ કિલો વેચાતી હતી, તે હવે 135ની આસપાસ વેચવા મજબૂર થવું પડ્યું છે. નીટિંગ મશીન ચલાવતા વેપારીઓના જણાવ્યા અનુસાર, માલનો ઓછો ઉપાડ અને સતત ઉત્પાદનને કારણે ઉદ્યોગમાં સ્ટોક વધી ગયો છે. જેના લીધે ગોડાઉન ખર્ચ, વ્યાજ અને વર્કિંગ કેપિટલનું દબાણ વધી રહ્યું છે. આ કારણોસર અનેક ઉત્પાદકોએ ખૂબ જ મર્યાદિત નફામાં અથવા નફા વગર કામ કરવું પડી રહ્યું છે.

નીટિંગ ઉદ્યોગના પ્રતિનિધિઓ મુજબ, આ ઈન્ડસ્ટ્રી પર સંકટનું એક મોટું કારણ મલેશિયાના રસ્તે ચીનથી આયાત થતું ફેબ્રિક છે. જે કથિત રીતે MIP (મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઇસ) અને એન્ટી-ડમ્પિંગ નિયમોને નેવે મૂકીને ઓછા ભાવે સુરતના અને દેશના બજારમાં પહોંચી રહ્યું છે.

આનાથી સ્થાનિક સર્ક્યુલર નીટિંગ ઉદ્યોગને અયોગ્ય સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે.સંકટનું બીજું મુખ્ય કારણ વેપારીઓ દ્વારા ચુકવણીમાં વિલંબ (પેમેન્ટ ડિલે) અને ક્રેડિટ સુવિધાનો અભાવ છે, જેના કારણે નીટિંગ યુનિટ્સની રોકડ વ્યવસ્થા ખોરવાઈ રહી છે. બીજી તરફ કાચો માલ, વીજળી અને મજૂરી ખર્ચમાં કોઈ ઘટાડો થયો નથી, જેના કારણે પ્રોફિટ માર્જિન વધુ ઘટી ગયું છે.

ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોનું માનવું છે કે જો આયાત પર કડક દેખરેખ, બજારમાં પરસ્પર સહયોગ અને નીતિગત ટેકો નહીં મળે, તો સુરતનો સર્ક્યુલર નીટિંગ ઉદ્યોગ લાંબા સમય સુધી દબાણ હેઠળ રહી શકે છે.

## અડાજણમાં કચરાગાડીની અડફેટે યુવકનું મોત

સુરતઃ અડાજણના મધુવન સર્કલ પાસે શનિવારે મોડી રાત્રે સુરત મહાનગરપાલિકાની કચરા કલેક્શન ગાડીએ મોપેડ સવાર યુવકને જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મળતી માહિતી અનુસાર, વેસુ સુમન સાગર સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય અજીતસિંહ ઉમાશંકર સિંહ એસી રિપેરિંગનું કામ કરતા હતા. શનિવારે મોડી રાત્રે તેઓ મોપેડ પર અડાજણ મધુવન સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન મનપાની કચરા કલેક્શન ગાડીએ તેમના મોપેડને ધડાકાભેર ટક્કર મારી હતી. જોરદાર ટક્કરથી અજીતસિંહ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને માથા સહિત શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા પહોંચી હતી જેને પગલે તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં અડાજણ પોલીસે ઘટનાસ્થળે પહોંચી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી હતી.

**ઊલટી અંતિમયાત્રાનો પખવાડિયામાં બીજો બનાવ**

# મહિલાની નનામી સ્મશાનભૂમિથી નવી સિવિલ હોસ્પિટલ લાવવી પડી

**ઉમરા** સ્મશાનભૂમિમાં મૃત્યુના પ્રમાણપત્ર વિના અંતિમસંસ્કારની ના પડાતાં મૃતકનાં સ્વજનો સિવિલ દોડ્યા



સુરતઃ શહેરના ઉમરા સ્મશાન ભૂમિમાંથી ફરી એકવાર મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલ ખસેડવાની ઘટના સામે આવી છે. તબીબી મૃત્યુ પ્રમાણપત્ર સહિતના જરૂરી દસ્તાવેજો નહીં હોવાના કારણે અંતિમવિધિ શક્ય ન બનતા મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. નોંધનીય છે કે પખવાડિયામાં બીજીવાર આવી ઘટના બની છે. મૂળ બિહારના ઔરંગાબાદ અને હાલ પાંડેસરાના ગોવાલક નગરમાં રહેતા 52 વર્ષીય જગમનીયાદેવી રામદેવ યાદવની તબિયત લથડતા ગત સપ્તાહે નવી સિવિલમાં દાખલ કરાયાં હતાં. સારવાર બાદ શનિવારે રજા મળતાં પરિવારજનોએ ઘરે લાવ્યા હતા.

બાદ શુક્રવારે સાંજે અચાનક તબિયત બગડતા ઢળી પડતાં તેમનું મોત થયું હતું. શનિવારે સવારે પરિવારજનોએ અંતિમવિધિની તૈયારીઓ કરી મૃતદેહને અર્થી પર મૂકી ઉમરા સ્મશાનભૂમિ લઈ ગયા હતા. પરંતુ સ્મશાનભૂમિ ખાતે નિયમ મુજબ મૃત્યુનું તબીબી પ્રમાણપત્ર ન મળતાં અંતિમવિધિની ના પાડી દેવાઈ હતી. અંતે મૃતદેહને અર્થી પર જ નવી સિવિલ ખસેડાયો હતો. જ્યાં હાજર સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરિવારજનો દ્વારા જગમનીયાદેવીની અંતિમવિધિ કરવામાં આવશે. નોંધનીય છે કે પખવાડિયામાં બીજીવાર આવી ઘટના બની છે.

## વકીલમંડળના નવા હોદ્દેદારો 3 જાન્યુ.એ કાર્યભાર સંભાળશે

સુરતઃ ગત ૧૯મી ડિસેમ્બરે સુરત જિલ્લા વકીલ મંડળની ચૂંટણી સંપન્ન થઇ હતી. નવા ચૂંટાયેલા પદાધિકારીઓને ચાર્જ આપવા ૩જી જાન્યુ.એ વકીલ મંડળની બેઠક મળશે. હાલના સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે વકીલ મંડળના પ્રમુખ સહિત ૬ પદાધિકારી અને ૧૧ કારોબારી સભ્યની ચૂંટણી શાંતિપૂર્ણ સંપન્ન થઇ હતી. હાલનાં પ્રમુખ સહિતનાં પદાધિકારીની મુદત ૩૧મી ડિસેમ્બરે પુરી થાય છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખપદે ઉદય પટેલ ફરી ચુંટાયા છે. હવે નવા ૬ પદાધિકારી અને ૧૧ કારોબારી સભ્યોને ૩જી જાન્યુઆરીએ ચાર્જ સોંપવા વકીલ મંડળની બેઠક મળશે. આ બેઠકમાં ડિસ્ટ્રીક્ટ જજને આમંત્રણ અપાશે, જેમની હાજરીમાં નવા પદાધિકારીઓ ચાર્જ સંભાળશે.

# શિવાજી વેજિટેબલ માર્કેટના વેન્ડર્સને વ્યક્તિગત સાંભળવા મનપાને આદેશ

**પાંડેસરાની** શાકભાજી માર્કેટના સ્થળાંતરના મનપાના નિર્ણય સામે હોકર્સ યુનિયન હાઈકોર્ટના શરણે

સુરતઃ છત્રપતિ શિવાજી વેજીટેબલ માર્કેટના 283 નોંધાયેલા વેન્ડર્સને રાહત મળતી હોય તેવો હુકમ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે. માર્કેટ રિડેવલપમેન્ટને લઈ મનપા દ્વારા સ્થળાંતરની કાર્યવાહી સામે વેન્ડર્સે દાખલ કરેલી અરજીમાં હાઈકોર્ટે કોર્પોરેશનને દરેક વેન્ડરને વ્યક્તિગત સાંભરણી આપવા તથા વાજબી સમય આપવાનો આદેશ કર્યો છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાંડેસરા સ્થિત છત્રપતિ શિવાજી વેજીટેબલ માર્કેટ ખાતે વર્ષોથી વ્યવસાય કરતા લારી-ગલ્લા અને સ્ટોલ ધારક વેન્ડર્સને મનપા દ્વારા માર્ચ મહિનામાં સ્થળાંતરની નોટિસ આપવામાં આવી હતી. નોટિસ મુજબ વેન્ડર્સને પાંડેસરા ખાડી સાથે સંકળાયેલા સી.ઓ.પી. નં. 3, 4 અને 5 વિસ્તારમાં ખસેડવાનો આદેશ કરાયો હતો. જો કે આ વિસ્તાર ભારે પ્રદૂષિત, અસ્વચ્છ અને આરોગ્ય માટે જોખમી હોવાનું વેન્ડર્સ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ મુદ્દે ગુજરાત એકતા હોકર્સ યુનિયનના સેક્રેટરી અસ્લમ મેમણે 30-04-2025ના રોજ મનપાને લેખિત રજૂઆત કરી હતી. જેમાં પ્રદૂષિત ખાડી વિસ્તારમાં ડેન્ગ્યુ-મલેરિયાનો ઉપદ્રવ, ઔદ્યોગિક ગંદા પાણી અને જાહેર સ્વાસ્થ્યને થતો ખતરો રજૂ કરી, ત્યાં વ્યવસાય કરવો માનવ અધિકારનો ભંગ હોવાનું જણાવ્યું હતું. વિકલ્પરૂપે પાંચ વર્ષથી બંધ પડેલા પાંડેસરા કોમ્યુનિટી હોલ ખાતે વેન્ડર્સને સ્થળાંતર કરવાની માંગ પણ કરાઈ હતી.

મનપા દ્વારા કોઈ નિર્ણય નહીં લેવાતા, ફરી 19-12-2025ના રોજ નવી નોટિસ ફાળવાતા મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. ગુજરાત એકતા હોકર્સ યુનિયન તરફથી ખાસ સિવિલ અરજી દાખલ કરાઈ હતી. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે દરેક અસરગ્રસ્ત વેન્ડરને વ્યક્તિગત સાંભળવાની પૂરતી તક આપવી ફરજિયાત છે. સાથે જ, મૌખિક-લેખિત રજૂઆત પર વિચાર કરી તાત્કાલિક અને કાનૂની રીતે યોગ્ય નિર્ણય લેવા મનપાને આદેશ કર્યો છે. નિર્ણય બાદ વેન્ડર્સને તે નિર્ણયનું પાલન કરવા અથવા કાનૂની પડકાર આપવા માટે 15 દિવસનો વાજબી સમય આપવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.


**ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**હાર્ડવેર, સેનેટરી**
પેઈન્ટ્સ, પ્લાયવુડ, ઈન્ડસ્ટ્રીયલની દુકાનમાં ડેડ સ્ટોક સારા ભાવમાં આપવા માટે સંપર્ક કરો. Mo: 9327280937

**પેપર ડીશ, ગ્લાસ**
સિલ્વર થાળીઓ, બાજ, દડિયા, ડસ્ટબિન બેગો મળશે. શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં, સુરત. 9426394294

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**પ્લોટના**
સબ ડિવિઝન, લોચા વાલી સોસાયટી કે પ્લોટ ના ટાટયલ ક્લીયર, સરકારી કામ માટે મળો 9978936367

**મિલ્કત વેચવાની છે**

**વેચાણથી**
નાનપુરામાં ફ્લેટ, ગોપીપુરામાં દુકાન, પરસોલીમાં પ્લોટ, ચોકબજારમાં ઓફિસ, મો. નં: 9825821151

**ન્યુ સીટી લાઈટમાં**
બંગ્લો તેમજ પારલેપોઈન્ટ માં પ્લોટ વ્યાજબી કિંમતે વેચવાનો 8160763127 (710)

**વેચવાની છે**
ખેતી લાયક જમીન વ્યારાથી 7 કિલો મીટર 9624980432 (713)

**ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ**
વેચવાના છે સોનલ- ૧ ચીકુવાડી પાંડેસરા પ્લોટનં- 40 to 46 અને 46A અને ઊમા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી ભટાર પ્લોટનં- 153A, 153 to 155 વેચવાના છે. Cont= 9579076873

**ફ્લેટ વેચવાનો**
અલથાણ- ભીમરાડ, આશીવાદ એન્કલેવ, 10th floor, 2 BHK, 1389 ચોરસફૂટ. 9825146479.

**2/ 3/ 4 BHK ફ્લેટ**
નવાં બિલ્ડિંગમાં નવું ફર્નિચર સાથે વેચાણ. પાલ. 9909601200

**પ્લોટ સસ્તા ભાવે**
વેચવાનો છે. પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે**
નવું બાંધકામ. પાલ. 9909601200

**૧ અને ૨ સીટના**
સાગ લાકડાના આધાર વાળા સોફા તાકીદે વ્યાજબી ભાવે સુરતમાંથી વેચવાના છે. +919898170075

**મિલ્કત જોઈએ છે**

**જોઈએ વેચાણ / ભાડે**
પ્લોટ બંગલા રો હાઉસ ફ્લેટ જમીન ઘોડદોડથી ડુમસ સુધી 8160763127 (709)

**"લોન વિષયક"**
1 લાખ થી 5 લાખ રૂપિયાની લોનની જરૂરત હોય તો એપોઈન્ટમેન્ટ લઈને સંપર્ક કરો
લોન-કન્સલટન્ટ વિજય ખેડેકર મો.નં.7202820113

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સાગર 9427113317**
ધૂળેટીમાં શાહપુરા ખાટુશ્યામ સાંવરિયાજી, શનિ, રવિ, શિરડી, સપ્તશૃંગી, મહાલક્ષ્મી 2501/-

**કચ્છ રણોત્સવ.**
જાણીતું અને માનીતું નામ. કિંજલ શાહ સંગાથે માણો સફેદરણ/ ભુજ/ માતાનો મઢ અને માંડવીની મુલાકાત. બુકિંગ શરૂ થઈ ચુક્યું છે. (જુજ ટીકીટો બાકી) Joy Enjoy Travel Planner. 9426157371

**મિલ્કત ભાડે -વેચાણ**

**વેચાણ/ ભાડે**
700 વાર જમીન. ઉમરા ગામમાં આપવાની છે 9624980432 (714)

**મિલ્કત ભાડેથી**

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

**ફર્નિચર સાથે ઓફિસ**
ભાડે આપવાની છે.(એડવોકેટ - સી.એ.- આર્કિટેક્ટ ને લાયક) સિદ્ધિગીરી એપાર્ટમેન્ટ પહેલો માળ, દ્રષ્ટિ ઓપ્ટિકલ ની ઉપર, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. Contact No.:- 9879665032

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**ડિસપ્યુટ વાળી જમીન**
ખરીદવા અને વેચવા માટે મળો. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

**નોકરી વિષયક**

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

**જોઈએ છે**
નાંમાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

**જોઈએ છે**
એકાઉન્ટીંગ ઓફિસ માટે બી.કોમ. પાસ અથર્વ એન્ડ પ્રિહાન કન્સલટન્સી ૨૦૧/૨૦૨, પાર્ક એવન્યુ પોદાર આર્કેડ પાસે, ડાંગરવાળા વરાછારોડ, સુરત. 9825377589, 9825834265 (711)

**હાર્ડવેરના હોલસેલ**
બિઝનેસ માટે સેલ્સમેન અને સ્ટાફની જરૂર છે. Mo. 9898063315

**ડોક્ટરની**
ઓટોમેટીક કાર ચલાવવા માટે અનુભવી ડ્રાઈવર જોઈએ છે દરરોજ ના ૧૦ થી ૧૨ કલાક ના સમય માટે મો- ૯૩૨૭૫૦૮૧૨૭ આપેલ મોબાઈલ નંબર ઉપર ફોન કરવો

**જોઈએ છે**
અનુભવી ટર્નર કમ વેલ્ડર, CNC/ VMC મશીનના Fanuc કંટ્રોલના ઓપરેટર અનુભવ પ્રમાણે પગાર મળશે કતારગામ GIDC. 9825304506 9825651072

**સર્જન સોસાયટી**
અઠવાલાઈન્સ રસોઈ કરી શકે તેવા બેન જોઈએ છે. મળોઃ- કમલેશભાઈ 9879664047

**Required**
Software Support Executive Male / Female Good Communication, Accounting Field, Able to work Individually and with Team, 10 to 7, Adajan, 9825704800

**જોઈએ છે**
સી.એ.ની ઓફિસ માટે એકાઉન્ટન્ટ- ડેટા એન્ટ્રી ના જાણકાર કોમર્સ ગ્રેજ્યુએટ MO: 9898895961, 9265582535

**ફુલ ટાઈમ ડ્રાઈવર**
તથા CT Scan અને MRI Technician તથા રિસેપ્સનિસ્ટ જોઈએ છે. 9824191051 (712)

**જોઈએ છે**
મહેનતું છોકરો. પગાર 10/ 15. વિનોદ રેડિયો. 9374711161

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.